પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૦૨ | ૧૩ માર્ચ, ૨૦૨૩, સોમવાર; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

## H3N2 વાઈરસ વચ્ચે કોવિડ કેસ વધતા કેન્દ્ર સરકાર ચિંતિત

### કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખ્યો પત્ર, કહ્યું તેના પર નજર રાખો

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસ વધવા લાગ્યા છે. એક સમયે, જ્યાં દરરોજ કોવિડના ૨૦૦થી ઓછા કેસ નોંધાતા હતા, હવે ૪૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

કેન્દ્ર સરકારે દેશના કેટલાક રાજ્યોમાં પોઝિટીવીટી રેટ વધવા પર પણ ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે આ સંબંધમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પત્ર લખીને કોરોનાના વધતા કેસ પર કડક નજર રાખવા જણાવ્યું છે. છેલ્લા ૧૧ દિવસની વાત કરીએ તો દેશમાં દરરોજ કોવિડના ૨૦૦થી વધુ કેસ નોંધાયા છે.

તે જ સમયે, ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ ઊઁઉદ્ગર ના દર્દીઓ પણ વધી રહ્યા છે. દિલ્હી સહિત દેશભરમાં ઊઁઉદ્ગર કેસ જોવા મળી રહ્યા છે. કેન્દ્રએ રાજ્યોને દવા અને મેડિકલ ઓક્સિજનની ઉપલબ્ધતા, કોવિડ-૧૯ સામે વેક્સિનેશન અને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારીઓ સામે લડવા હોસ્પિટલની તૈયારીઓનો સ્ટોક લેવા પણ વિનંતી કરી છે.

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસને લઈને ચિંતા વ્યક્ત કરતા કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે. પત્રમાં એવા દર્દીઓ પર ખાસ ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે કે જેમને શ્વાસની તકલીફ હોય અથવા ઈન્ફ્લ્યુએન્ઝા જેવા લક્ષણો હોય.

રાજેશ ભૂષણે પત્રમાં લખ્યું છે કે ભારતમાં થોડા મહિનાઓથી કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. પરંતુ કેટલાક રાજ્યોમાં કોરોનાના વધતા કેસ ચિંતાજનક છે અને તેના પર ધ્યાન આપવાની જરૂર છે. આરોગ્ય સચિવે વધુમાં જણાવ્યું કે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યામાં ઘટાડો થયો છે અને કોવિડ-૧૯ વેક્સિનેશનનો રેટ વધ્યો છે.

## વિરાટ કોહલીએ છેલ્લી ટેસ્ટ મેચમાં સદી ફટકારી

### વિરાટ કોહલીએ ટેસ્ટમાં ફટકારી પોતાની ૨૮મી સદી નવેમ્બર ૨૦૧૯માં ફટકારી હતી છેલ્લી ટેસ્ટ સદી

અમદાવાદ, તા.૧૨

ભારતીય ટીમના મુખ્ય બેટ્સમેન વિરાટ કોહલીએ ૨૩ નવેમ્બર ૨૦૧૯માં ટેસ્ટમાં પોતાની છેલ્લી સદી ફટકારી હતી. કોલકત્તામાં બાંગ્લાદેશ વિરુદ્ધ ડે નાઈટ ટેસ્ટમાં વિરાટે સદી ફટકારી હતી. હવે ત્રણ વર્ષ અને ત્રણ મહિના અને ૧૭ દિવસની રાહ બાદ વિરાટ કોહલીએ ટેસ્ટમાં સદી ફટકારી છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બોર્ડર ગવાસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટમાં વિરાટ કોહલીએ સદી ફટકારી હતી. આ તેની ૨૮મી ટેસ્ટ સદી છે. વિરાટ કોહલીની આ ટેસ્ટ ક્રિકેટમાં ૨૮મી સદી છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ તે સાતમી વખત ત્રણ આંકડાના સ્કોર સુધી પહોચ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તેણે ૭૫મી વખત સદી ફટકારી છે. ચોથા દિવસના લંચ બાદ વિરાટ કોહલીએ ૨૪૧ બોલ રમીને પોતાની સદી પૂરી કરી હતી. સદી પૂરી કરવા માટે વિરાટ કોહલીએ માત્ર પાંચ જ ચોગા ફટકાર્યા હતા. મોટાભાગના રન તેણે વિકેટ વચ્ચે દોડીને લીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તીઓ સામે કરવામાં આવશે કડક કાર્યવાહી : અમિત શાહ

### દેશના કોઈપણ ભાગમાં અલગાવવાદ, આતંકવાદ અને રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ સામે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે : શાહ

નવીદિલ્લી,તા.૧૨

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ૫૪મી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ રાઈઝિંગ ડે પરેડના પ્રસંગે નિસા ખાતે બેફલ રેન્જ 'અર્જુન'નું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન પરેડને સંબોધતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની આતંકવાદને સહન નહીં કરવાની નીતિ આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

CISFની પરેડમાં અમિત શાહે કહ્યું કે દેશના કોઈપણ ભાગમાં અલગાવવાદ,



આતંકવાદ અને રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ સામે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે.

અમિત શાહે કહ્યું કે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) સરકારે છેલ્લા ૯ વર્ષમાં આંતરિક સુરક્ષાના પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. તેમણે કહ્યું કે કાશ્મીરમાં હિંસા નોંધપાત્ર રીતે ઘટી છે, જ્યારે પૂર્વોત્તર અને ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોમાં આતંકવાદમાં પણ ઘટાડો થયો છે અને લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આતંકવાદી

● અનુસંધાન પાન-૭ પર

શુભ ડેન્ટલ કેર

આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ

SHUBH DENTAL CARE

Multi Speciality Dental Clinic

Dr. SHUBANG MAHARAJA

Dental Surgeon

M. 94082 76459

Timing : Morning 10 to 1 PM • Evening 4 to 9 PM

- દાંતની ચાકસણી આધુનિક X-Ray દ્વારા
- દાંતના મુળીયાની સારવાર અને કોમ્પોઝીટ ફીલીંગ
- પાયોરીયાની સારવાર ● દાંતની સાફાઈ
- ચોકઠા, ફીક્સ દાંત બનાવવાની સારવાર
- દાઢ કાઢવાની સારવાર
- ડહાપણની દાઢ કાઢવાની સારવાર
- કોસ્મેટીક સારવાર
- વીનીયર્સ એન્ડ લેમીનેટ્સ
- દાંતમાં ડાયમંડ લગાવવો
- બાળકોના દાંતની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ
- જડબાના ફ્રેક્ચરની સારવાર
- જડબા અને મોઢાંની રસોળી અને ગાંઠની સારવાર, મોઢાના કેન્સરની સારવાર

Shop No. 122, Kanam Residency-2, 1st Floor, KUDASAN

ડો. શુભાંગ મહારાજા (B.D.S.) | ડો. લજ્જા જહા (M.D.S.) | ડો. વત્સલ રામવાલા (M.D.S.)

શુભેચ્છકો

કૃષ્ણકાન્ત જહા ● ભાગ્યેશ જહા ● પ્રકાશ જહા

દર્શન મહારાજા - ડો. ચારૂ મહારાજા




KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

KPTL (Kalpataru Power Transmission Ltd) is one of the largest and fastest growing specialized EPC companies in India engaged in power transmission & distribution, oil & gas pipeline, railways, infrastructure development, civil contracting and warehousing & logistics business with a strong international presence in power transmission & distribution. The company is currently executing several contracts in India, Africa, Middle East, Australia, CIS, SAARC, North America and Far East.

101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR 28,
GANDHINAGAR - 382028, GUJARAT, INDIA
Phone: (++91) — 79 — 23214000
Fax: (++91)-79-23211971
E-Mail: mktg@kalpatarupower.com

